**પ્રસાર ભારતી**

**સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ**

**Date : 07-10-2023** **Morning : 7.45 to 7.55**
**Day : Saturday** **National News**

**આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.**

*******************************************************

- કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ આજે ઉત્તરાખંડના ટિહરી જિલ્લાના નરેન્દ્ર નગર ખાતે કેન્દ્રીય ક્ષેત્રીય પરિષદની 24મી બેઠકની અધ્યક્ષતા કરશે.
- કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે , ડાબેરી ઉગ્રવાદને નિયંત્રણમાં લેવામાં છેલ્લા કેટલાક વર્ષોમાં સફળતા મળી છે. ગત વર્ષમાં ડાબેરી હિંસાના કારણે મૃતકોની સંખ્યામાં ઘટાડો થયો છે
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 13 અને 14મી ઓકટોબરે દિલ્હીમાં યોજાનારી જી-20ના સંસદીય અધ્યક્ષોની બેઠક – પી-20નું ઉદઘાટન કરશે.
- કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગસિંહ ઠાકુરે યુવાનોને અમૃતકાળના પરિવર્તનકર્તા બનવાનું આહ્વાન કર્યું છે..
- રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું છે કે ભારત , બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં પ્રતિનિધિત્વ મળવું જોઈએ..
- ચીનમાં રમાઈ રહેલી હાંગઝોઉ એશિયન ગેમ્સમાં , ભારતે 22 સુવર્ણ , 34 રજત અને 39 કાંસ્ય સહિત કુલ 95 ચંદ્રકો મેળવ્યા છે.

****************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો )

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

# UTTARAKHAND-AMIT SHAH VISIT

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ આજે ઉત્તરાખંડના ટિહરી જિલ્લાના નરેન્દ્ર નગર ખાતે કેન્દ્રીય ક્ષેત્રીય પરિષદની 24મી બેઠકની અધ્યક્ષતા કરશે. આ બેઠકમાં મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને ઉત્તરાખંડના મુખ્યમંત્રીઓ ઉપસ્થિત રહે તેવી શક્યતા છે. આ બેઠકમાં ભાગ લેવા માટે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ગઈકાલે ઉત્તરાખંડ પહોંચ્યા હતા.

શ્રી શાહ આજે દેહરાદૂનમાં 49મી અખિલ ભારતીય પોલીસ સાયન્સ કોંગ્રેસમાં પણ ભાગ લેશે. જેનું આયોજન વન સંશોધન સંસ્થા ખાતે કરવામાં આવી રહ્યું છે. આ કોંગ્રેસમાં 5Gના યુગમાં પોલીસ વ્યવસ્થા, નશીલા પદાર્થ, આંતરિક સુરક્ષા, સોશિયલ મીડિયાના પડકારો અને સમુદાય સ્તરે પોલીસ વ્યવસ્થાના વિષયો પર ચર્ચા કરવામાં આવશે. પોલીસ સંશોધન અને વિકાસ બ્યુરોના નેજા હેઠળ આ કોંગ્રેસનું આયોજન કરવામાં આવ્યું છે.

# AMIT SHAH - LWE MEETING

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે , ડાબેરી ઉગ્રવાદને નિયંત્રણમાં લેવામાં છેલ્લા કેટલાક વર્ષોમાં સફળતા મળી છે. અને આ લડત હવે નિર્ણયાક તબક્કામાં પ્રવેશી છે.

તેઓ દિલ્હીમાં ડાબેરી ઉગ્રવાદ અંગેની સમીક્ષા બેઠકના અધ્ય ક્ષપદેથી બોલી રહ્યા હતા. આ બેઠકમાં ડાબેરી ઉગ્રવાદથી અસરગ્રસ્ત રાજયોના મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓએ ભાગ લીધો હતો. શ્રી શાહે આગામી બે વર્ષમાં ડાબેરી ઉગ્રવાદને નાબૂદ કરવાનો નિર્ધાર પણ વ્યક્ત કર્યો હતો. ગૃહમંત્રીએ કહ્યું કે , ડાબેરી ઉગ્રવાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં કેન્દ્રિય સશસ્ત્ર પોલીસદળના 195 નવા કેમ્પ સ્થાપવામાં આવ્યા છે અને વધુ 44 કેમ્પ સ્થપાશે.

તેમણે કહ્યું કે , ડાબેરી ઉગ્રવાદીઓને મળતી આર્થિક સહાયને રોકવા રાષ્ટ્રીય તપાસ સંસ્થા અને એન્ફોર્સમેન્ટ વિભાગના અધિકારીઓ બધી જ રાજય સરકારો સાથે મળીને કામગીરી કરી રહ્યા છે.

# P-20 SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 13 અને 14મી ઓકટોબરે દિલ્હીમાં યોજાનારી જી-20ના સંસદીય અધ્યક્ષોની બેઠક – પી-20નું ઉદઘાટન કરશે. બે દિવસ માટેની આ બેઠક દિલ્હીના દ્વારકા ખાતે બંધાયેલા ભારત આંતરરાષ્ટ્રીય સંમેલન અને પ્રદર્શન કેન્દ્ર ખાતે યોજાશે.

પી-20 તરીકે ઓળખાતું જૂથ જી-20 દેશોના સંસદિય અધ્યક્ષોની આગેવાની હેઠળનું જૂથ છે. તેનો ઉદ્દેશ્ય વૈશ્વિક શાસનમાં સંસદિય પરિમાણ લાવવાનો છે. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ ગઈકાલે દિલ્હીમાં પત્રકારોને જણાવ્યું હતું કે , આંતરરાષ્ટ્રીય કક્ષાની આ બેઠકમાં 25 અધ્યક્ષો, 10 નાયબ અધ્યક્ષો અને 50 સાંસદો ભાગ લેશે.

આ બેઠકમાં ચાર સત્રો રહેશે. બેઠકનું પ્રથમ સત્ર લોકશાહીની શક્તિ અંગેનું હશે. એ ઉપરાંત આરોગ્ય, શિક્ષણ, કૃષિ અને ઉર્જા જેવા વિષયો ઉપર સઘન ચર્ચા કરાશે. બેઠકના સ્થળે લોકશાહીની જનની વિષય પર પ્રદર્શન યોજાશે. જેમાં ભારતની પ્રાચીન અને જી-20ના સભ્યદેશોમાં પ્રચલિત લોકશાહી પદ્ધતિઓની માહીતી અપાશે.

# MANDAVIYA

કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ ગુજરાતના ભાવનગરના તમામ 129 ગામોમાં આયુષ્માન ભાવ અભિયાન હેઠળ 100 ટકા ABHA ખાતા ખોલવા બદલ આરોગ્ય વિભાગની ટીમને અભિનંદન પાઠવ્યા છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં ,શ્રી માંડવિયાએ કહ્યું કે આ અભિયાનનો હેતુ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં તમામ નાગરિકોને ડિજિટલ આરોગ્ય સુવિધાઓ સાથે જોડવાનો છે.

# RBI POLICY REACTIONS

RBIની નાણાકીય નીતિને આવકારતા SBIના ચેરમેન દિનેશ ખરાએ કહ્યું છે કે વૈશ્વિક અનિશ્ચિતતાઓ ગતિ પકડી રહી હોવા છતાં , RBIની સ્થિર રહેવાની અને મુખ્ય વિકાસ યોજનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા સારી છે. એકનિવેદનમાંશ્રી ખારાએ જણાવ્યું હતું કે પેમેન્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ ( PIDF)માં પી. એમ. વિશ્વકર્મા યોજનાનો સમાવેશ બજારની સંભવિતતામાં વધારો કરશે અને નાના પાયે કારીગરોને ફાયદો કરશે.

ભારતીય બેન્ક સંઘના પ્રમુખ અને પંજાબ નેશનલ બેંકના CEO એ કે ગોયલે પણ RBIની નાણાકીય નીતિનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે RBIનું સરપ્લસ ભંડોળ ધરાવતી બેંકોને આંતર બેંક કોલ મની માર્કેટ વિન્ડોનો ઉપયોગ કરવા માટેનું સૂચન , જેથી તરલતાની મર્યાદા ધરાવતી બેંકો વિન્ડો દ્વારા ઉધાર લઈ શકે , આંતર-બેંક કોલ મનીમાર્કેટને વધુ મજબૂત કરવામાં મદદ કરશે.

# MIB MINISTER BHOPAL VISIT

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગસિંહ ઠાકુરે યુવાનોને અમૃતકાળના પરિવર્તનકર્તા બનવાનું આહ્વાન કર્યું છે. ગઇકાલે ભોપાલમાં એક ખાનગી યુનિવર્સિટીના એક કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરતી વખતે શ્રી ઠાકુરે કહ્યું કે દેશની પ્રગતિ અને વિકાસને નવી ઊંચાઈએ લઈ જવાની સૌથી મોટી જવાબદારી યુવાનોના ખભા પર છે. તેમણે કહ્યું કે તેમનો મત યોગ્ય જગ્યાએ અને સાચા નિર્ણય પર દેશનું ભવિષ્ય નક્કી કરશે. 'આ સમય છે, આ જ યોગ્ય સમય છે ' વિષય પરના તેમના ભાષણમાં, શ્રી ઠાકુરે દેશની અત્યાર સુધીની વિકાસ યાત્રા અને કેન્દ્ર સરકારની સિદ્ધિઓ પર પ્રકાશ પાડ્યો હતો.

તેમણે કહ્યું કે ચંદ્ર પર દક્ષિણ ધ્રુવ સુધી પહોંચવું, એશિયન ગેમ્સમાં 100થી વધુ ચં્દ્રકો તરફ આગળ વધવું , નબળી પાંચમાંથી ટોચની પાંચ અર્થવ્યવસ્થા બનવા જેવી તમામ સિદ્ધિઓ એ વાતના ઉદાહરણો છે કે સરકાર કેટલી કાર્યક્ષમતા અને ઝડપથી કામ કરી રહી છે. વિકાસના માર્ગે દેશનું માર્ગદર્શન કરી રહી છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રમતગમતથી લઈને અવકાશ અને વિજ્ઞાનથી લઈને સ્ટાર્ટઅપ સુધીના ક્ષેત્રોમાં સુધારા, પ્રદર્શન અને પરિવર્તન દ્વારા અભૂતપૂર્વ પ્રગતિ કરી છે. શ્રી ઠાકુરે કહ્યું કે સરકારની છેવાડાના માનવી સુધી કલ્યાણની નીતિ અને જનધન બેંક ખાતા , આધાર અને મોબાઈલની ત્રિપુટીએ ગરીબી નાબૂદી ઉપરાંત ગરીબોને સમાજમાં સન્માન સાથે જીવવાનો અધિકાર આપ્યો છે.

# PUTIN-UNSECURITY COUNCIL

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું છે કે ભારત , બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં પ્રતિનિધિત્વ મળવું જોઈએ અને આંતરરાષ્ટ્રીય સ્તરે નિર્ણય લેવામાં તેમનું મહત્વ વધવું જોઈએ.

શ્રી પુતિને સોચીમાં વલ્દાઈ ઈન્ટરનેશનલ ડિસ્કશન ક્લબની પૂર્ણ બેઠકને સંબોધિત કરતા એમ પણ કહ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સતત વધુ શક્તિશાળી બની રહ્યું છે. તેમણે કહ્યું કે જે દેશો માત્ર તેમની ક્ષમતાના આધારે આંતરરાષ્ટ્રીય બાબતોમાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે અને મોટા આંતરરાષ્ટ્રીય મુદ્દાઓને ઉકેલવાની ક્ષમતા અને પ્રભાવ પણ ધરાવે છે, તેમને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં પ્રતિનિધિત્વ આપવું જોઈએ.

હાલમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં પાંચ સ્થાયી સભ્યો અને 10 અસ્થાયી સભ્ય દેશોનો સમાવેશ થાય છે જે બે વર્ષની મુદત માટે સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા ચૂંટાય છે. રશિયા , યુ કે, ચીન, ફ્રાન્સ અને અમેરિકા એ પાંચ કાયમી સભ્યો છે.

# ASIAN GAMES

ચીનમાં રમાઈ રહેલી હાંગઝોઉ એશિયન ગેમ્સમાં, ભારતે 22 સુવર્ણ, 34 રજત અને 39 કાંસ્ય સહિત કુલ 95 ચંદ્રકો મેળવ્યા છે.

તીરંદાજીમાં ભારતીય રિકર્વ મહિલા ટીમે બ્રોન્ઝ મેડલ પ્લેઓફ મેચમાં વિયેતનામને 6-2થી હરાવીને કાંસ્યચંદ્રક જીત્યો હતો. જ્યારે પુરૂષ ટીમે ફાઈનલમાં દક્ષિણ કોરિયા સામે રજતચંદ્રક મેળવ્યો હતો. ભારતની મહિલા ટીમે સેપાક્ટાક્રોમાં કાંસ્યચંદ્રક મેળવ્યો હતો.

મહિલાઓની ફ્રી સ્ટાઇલ કુશ્તીમાં ભારતની સોનમે અને કિરણ બિશ્નોઈએ અલગ અલગ કિલોગ્રામની કેટેગરીમાં કાંસ્યચંદ્રક મેળવ્યાં હતા. .

બેડમિન્ટનમાં એચએસ પ્રણયને કાંસ્ય પદકથી સંતોષ માનવો પડ્યો હતો.

મેન્સ ક્રિકેટમાં , ભારતે સેમિફાઇનલમાં બાંગ્લાદેશને 9 વિકેટે હરાવ્યું અને ફાઇનલ માટે ક્વોલિફાય કર્યું.

કબડ્ડીમાં ભારતની પુરુષ ટીમે પાકિસ્તાનને હરાવી ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

તો બેડમિન્ટન સુપરસ્ટાર ચિરાગ શેટ્ટી અને સાત્વિક સાઈરાજ મેન્સ ડબલ્સની સેમિફાઈનલમાં ભારતની કમાન સંભાળશે.

# CRICKET-WORLD CUP

ICC વિશ્વકપ ક્રિકેટમાં હૈદરાબાદમાં ગઇકાલે રમાયેલી મેચમાં પાકિસ્તાને નેધરલેન્ડ્સને 81 રનથી પરાજય આપ્યો છે. પાકિસ્તાને આપેલા 287રનના લક્ષ્યાંકનો પીછો કરતા નેધરલેન્ડ 41 ઓવરમાં 205 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું.